સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ટ્રંપ-મોદીની મૈત્રી વિશ્વમંચ પર છવાઈ ગઈ,
દોસ્તીના દોર સાથે જ આતંક પર તવાઈ થઈ.
ભવાઈ થઈ ઈમરાનની હવાઈ-મથક પર
બોગસ બળાપા, નિવેદનોની જીભ સિવાઈ ગઈ -

હાઈકુ

થયા જાહેર -
એ વિશ્વ પ્રચારક,
ટ્રંપ ને ટેકો

ફસાયું પાક
ચીની ચીકણ માટીમાં -
લપસ્યો પગ

ચિંતન

યથા પ્રયાન્તિ સંયાન્તિ સ્રોતોવેગેન વાલુકાઃ ।
સંયુજ્યતે વિયુજ્યન્તે તથા કાલેન દેહિનઃ ॥

ઉપરોક્ત શ્લોક શ્રીમદ્ ભાગવતમાંથી લેવામાં આવેલ છે.

જળપ્રવાહ જ્યારે વહેતો હોય છે ત્યારે કાંઠાની અને તળિયાની રેતી પણ વહેતી રહે છે. આ રેતીમાં આવજાવ થતી જ રહે છે. બરાબર એ જ રીતે મહાકાળમાં પ્રવાહમાં બધા જ પરસ્પર મળે છે અને વિખૂટા પણ પડે છે.

માણસનું જીવન નદી કાંઠે પડેલા કાંકરા જેવું છે, પ્રવાહને તળિયે પડેલી રેતી જેવું છે. સમય સતત વહેતો રહે છે. સમય ક્યારેય થંભતો નથી. માણસની અવસ્થા બદલાતી રહે છે. બાલ્યાવસ્થા, તરુણાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા, આમ પ્રત્યેક અવસ્થામાં માણસના રૂપ તથા સ્વરુપ બદલાય છે.

સંબંધો મૈત્રીમાં પરિણમે છે. ઘણીવાર પારિવારિક કહી શકાય એવા લોહીના સંબંધો પણ બંધાય છે અને પછી કાળક્રમે એની ઘનિષ્ઠતા ઘટે છે. મહાકાળનો આ સહજ ક્રમ છે. માણસે મહાકાળના ક્રમનો સ્વીકાર કરીને પોતાની જિંદગી જીવવી જોઈએ.

સુવિચાર

- ભીડ મેં ખડા રેહના, મકસદ નહીં મેરા,
  બલ્કિ ભીડ જિસ કે લિયે ખડી હો, વો બનના હૈ મુઝે - **અલ્લામા ઈકબાલ**
- માનવ સંબંધો ભાખરી બાંધવાનો લોટ જેવા છે,
  જેમાં લાગણીનું મોંણ ન હોય તો ન ચાલે - **ગુણવંત શાહ**
- અથડામણ એ જ આપણી અજ્ઞાનતા છે, સાચું-ખોટું ભગવાનને ત્યાં હોતું જ નથી;
  ભગવાનને ત્યાં દ્વંદ્વ હોતું જ નથી - **દાદા ભગવાન**
- જો બધા ડોલરને પાઉન્ડ કમાવવા પરદેશ જશે,
  તો માબાપના 'સાઉન્ડ' સાંભળવા કોણ રહેશે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુ:ખ તો બધુ દિવાલોનું છે સાહેબ, ખુલ્લામાં રહો તો ધરતીકંપ પણ
  કંઈ બગાડી શકતો નથી - **મોરારિ બાપુ**
- ચારે બાજુથી થતા હોય વાર પર વાર, તોય સાથે ઊભા રહે એનું નામ 'પરિવાર' - **ભરત ગઢવી**
- આજનું ઔષધ : કાનમાં સરસવના તેલના ટીપાં નાખવાથી ભાંગનો નશો ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરૂદ્દીન પોતાની પત્ની સાથે એક નાટક જોવા ગયો. તે નાટક જોઈ મુલ્લા તથા તેમના પત્ની બંને ખૂબ પ્રભાવિત થયા. પત્નિએ મુલ્લાને કહ્યું, 'નાટકમાં જે નાયક છે તે પોતાની પ્રેમિકાને પ્રેમ કરે છે એટલો પ્રેમ તમે તો મારા પર ક્યારેય પ્રગટ કર્યો નથી.'

મુલ્લાએ કહ્યું, 'હું પણ હેરાન છું, કેમ કે જેની સાથે એ અત્યારે પ્રેમ પ્રગટ કરે છે, તે ખરેખર તો એની વીસ વરસની પત્ની છે. આટલો પ્રેમ કોઈ બીજી સ્ત્રી સાથે કરતો હોય તો ઠીક થાત. મને આશ્ચર્ય થાય છે કે જેની સાથે વીસ વીસ વરસ પસાર કર્યા હોય તેના પર આટલો પ્રેમ કરી શકાય? એ ખરેખર સમર્થ અભિનેતા છે, પ્રામાણિક છે. પોતાના વીસ વર્ષથી જે પત્ની છે તેની તરફ આટલો પ્રેમ પ્રગટ કરી શકે છે. પરંતુ સતત પ્રેક્ટીસ કરવાથી તેની તરફ આટલો પ્રેમ પ્રગટ કરી શકે છે. પરંતુ સતત પ્રેક્ટિસ કરવાથી બધુ સંભવ છે. શરીર કાંઈ પ્રગટ કરે છે અને બીજું જ પ્રગટ કરે છે ત્યારે બે અલગ ધારામાં શક્તિ વહેંચાઈ જાય છે. રાજનીતિનો નિયમ છે. ભાગલા પાડે અને રાજ કરો. સાધનાનો પણ એ જ નિયમ છે. શરીર અને મનને વિભાજિત કરી શકો તો સહેલાઈથી માલિક બની શકશો. કારણ કે મન અને શરીર વચ્ચે સંઘર્ષ શરૂ થઈ જાય છે અને તમે અલગ સ્પર્શિત રહી જઈ શકો છો.'

આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈં

તંત્રીસ્થાનેથી...

પર્યાવરણ કર્મશીલો પૃથ્વીના સતત ખોરવાતા જતા જળવાયુ સંતુલનથી ચિંતિત રહે છે, એ માટે વિચાર વિમર્શ કરે છે અને મીંઢા રાજનેતાઓ સમક્ષ એમના ચિંતનનો અર્ક રજૂ કરી પૃથ્વીને બચાવવા હજી શું કરી શકાય એનાં સૂચનો કરતા રહે છે. ધર્મ અને રાજકારણ જ્યારે લુકેટિવ બિઝનેશ બની ગયાં હોય, શિક્ષણ અને આરોગ્ય સેવાઓએ ઉદ્યોગની કક્ષા પ્રાપ્ત કરી લીધી હોય ત્યારે સૃષ્ટિના વિનાશને અટકાવવા 'રુક જાવ' કહેવાની હિંમત પણ કોઈ વિરલા જ કરી શકે. પર્યાવરણ માટે જાનફેસાની કરવા સુધીમાં આંદોલનો આપણા દેશમાં પણ થયેલાં. 'ચીપકો' અંદોલન એનું જાજરમાન ઉદાહરણ છે. વૃક્ષોની કતલ રોકવા માટે સુંદરલાલ બહુગુણાની એક હાકલ પર હજારો આદિવાસીઓ ઝાડને બાથ ભરીને ઊભા રહી જતા. 'કાપો, વૃક્ષને કાપતાં પહેલાં અમને કાપો. અમે છેલ્લાં શ્વાસ સુધી અમારાં આ પ્રિય પરિજનો જેવાં વૃક્ષોની ઢાલ બની રહીશું.' - વિકાસના નામે જંગલો, નદીઓ અને પર્વતો ઉપર જે કારમો અત્યાચાર થતો રહ્યો છે, એનો કોઈ હિસાબ નથી. આપણે નર્મદાના લાભોની લ્યાહમાં પર્યાવરણવાદી બાબા આમટે અને મેધા પાટકરને આપણે દુશ્મન માની બેઠા, એમની હૈયાસગડીનો મર્મ સમજવાનો પ્રયત્ન જ કોઈએ ન કર્યો. નદીઓને નાથવાથી, પર્વતોને ખોદી કિમતી ખનીજો કાઢી લઈને કે એ પથ્થરો વડે મહાલયો રચી દેવાથી માનવજાત વખત પૂરતી તો સમૃદ્ધ થતી વરતાશે, પરંતુ સો-બસો વર્ષ પછીની પેઢીઓની શી દશા થશે - એ તો કોઈ વિચારતું જ નથી. જંગલોનો નાશ કરીને સિમેન્ટ કોંક્રીટનાં જંગલો ખડાં કરી દેવાના સરકારી કે બિનસરકારી ઉપક્રમોથી આવનારી પેઢીને આપણે કેટલું મોટું નુકશાન પહોંચાડી રહ્યા છીએ એની ચિંતા વિકાસના નામે વિશ્વ વિજેતા બનનારા નેતાઓને ન હોય; દિન બોઘા જેવા સાંસદ એમના કસાઈ જેવા કૃત્ય બદલ જેલ ભોગવતા હોય તો એની પાછળ પર્યાવરણ સુરક્ષા ખાતર શહીદ થવાની તૈયારી ધરાવતા નવલોહિયા અમિત જેઠવાની ધૂન જવાબદાર હતી. એથી સવાઈ ધૂન સાથે એક સોળ વરસની કન્યા નામે ગ્રેટા એના સોનેટી શાળા શિક્ષણના દિવસોમાં પર્યાવરણ સુરક્ષા માટેની વૈશ્વિક ગોઠડીમાં હાજરી આપી રહી છે અને બહુ કડક ભાષામાં વિશ્વનેતાઓને ચેતવણી આપી રહી છે. એણે એમને રીતસર પડકાર્યા છે - તમને આર્થિક વિકાસ સિવાય બીજું કશું સૂઝતું નથી ? અમારા ભવિષ્ય સાથે ચેડાં કરવાની હિંમત કઈ રીતે કરી શક્યા તમે ? એની આ ઉગ્રતા સકારણ છે. ઈચ્છીએ કે એ નવી પેઢીના એકેએક તરુણના હૈયે અજવાળું કરે.

તેને મારામાં કેટલો વિશ્વાસ હતો અને મને...

નવાં કલેવર
નટવર હેડાઉ

સવાર સવારમાં એપાર્ટમેન્ટની સામે રીક્ષા ઊભી રાખી ઉમેદ જલ્દી જલ્દી પગથિયાં ચડવા લાગ્યો. તે જોઈ મનમાં જાત જાતની શંકા-કુશંકાઓ થવા લાગી. ઉમેદ એટલે મારા પૌત્રને છેલ્લા બે વર્ષથી સવારે શાળાએ પહોંચાડનાર રીક્ષાવાળો.

એપાર્ટમેન્ટથી થોડે જ દૂર કાચાં મકાન છે. તેમાં ભાડેથી રહે છે. નિશાળમાં રજાઓ પડતાં જ અમે તેનો હિસાબ કરી દીધેલો અને કહી દીધેલું કે નવું સત્ર ચાલુ થાય એટલે તે આવી જાય, મેં પત્નીને ઉમેદના આવી રહ્યાની વાત કરી તો એ કહેવા લાગી. 'રાતે પણ એ આવ્યો હતો. મોડે સુધી બેસી રહ્યો. તે કહેતો હતો કે 'અંકલનું કામ છે.' રાહ જોઈ જોઈને થાક્યો એટલે 'સવારે આવીશ' એમ કહી જતો રહ્યો.

પત્નીએ કહ્યું કે 'આ મહિનામાં તેની દીકરીનાં લગ્ન છે. તેથી મને તો એમ લાગે છે કે પૈસા ઉધાર માંગવા આંટા મારે છે, કદાચ આપીએ તો પણ પાછા આવવાનો શું ભરોશો. કાલ કદાચ મકાન બદલીને જતો રહે તો પછી આપણે તેને ક્યાં શોધતા ફરીએ. તેથી ગમે તે બહાનું બનાવી તેને ટાળી દેજો.' પત્નીએ એક શ્વાસે બધું કહી દીધું.

દાદર ચડી ઉમેદ ઉપર આવી ગયો. પત્નીએ ચ્હાનો કપ લાવી તેની સામે મુકી દીધો. તે ચા પીવા લાગ્યો. તે દરમિયાન મેં મારી આર્થિક મુશ્કેલીની એક નાની વાર્તા ઘડી કાઢેલી તે ઉમેદને સંભળાવી દીધી. જેથી તે મારી પાસે ઉધાર પૈસા ન માંગે.

ચ્હા પીધા પછી ઉમેદ કપ ટીપોય પર મુક્યો અને પોતાની પાસે થેલામાંથી એક પેકેટ કાઢી મને સોંપતા, કહેવા લાગ્યો. 'અંકલ, આમાં ત્રીસ હજાર રૂપિયા છે. ગામડે એક ઝૂંપડું હતું. તે વેચી દીધું. વીસ દિવસ પછી મારી દીકરીનાં લગ્ન છે. મહેરબાની કરી આ પૈસા તમે તમારી પાસે રાખો. મારે જેમ જેમ જરૂર પડશે તેમ તમારી પાસેથી લઈ જઈશ.'

પળભર તો મને કંઈ જ ન સૂઝ્યું. મેં કહ્યું ઉમેદ, તું આ રકમ કોઈ બેંકમાં મુકી દે તો, એવું કેમ નથી કરતો?'

'અંકલ', આ પૈસા વીસ દિવસમાં વપરાઈ જવાના છે. એટલા દિવસ માટે બેંકમાં ખાતું ખોલાવવું એ મારા જેવા માણસ માટે સગવડ ઓછો ને અગવડ વધુ પડે તેવું છે. અને વળી બેંક કઈ તમારા કરતાં વધુ વિશ્વાસપાત્ર છે ખરી..! સારું ત્યારે હું જાઉં છું.

સવારમાં રેલવે સ્ટેશને પેસેન્જર મળી રહે છે. તેથી રજા લઉં છું.' એમ કહી હાથ જોડી ઉમેદ બારણાની બહાર નીકળી ગયો. અને પગથિયા ઉતરવા લાગ્યો.

હું તેની પીઢ પાછળ જોઈ રહ્યો. તેને મારામાં કેટલો વિશ્વાસ હતો અને મને....

પળભર તો મને કંઈ જ ન સૂઝ્યું. મેં કહ્યું ઉમેદ, તું આ રકમ કોઈ બેંકમાં મુકી દે તો, એવું કેમ નથી કરતો?'

અનહદ, અસ્ખલિત, અનર્ગલ, અતૂટ અને અખૂટ પ્રેમની પીડા

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

amlani2000@yahoo.co.uk

તાજેતરમાં વર્તમાન પત્રોમાં એક કિસ્સો સમાચાર સ્વરૂપે પ્રગટ થયો હતો. એ સમાચાર પ્રમાણે કિસ્સો એવો હતો કે એક પત્નીએ તેના પતિ સાથે છૂટાછેડા લેવાની અરજી અદાલતમાં દાખલ કરી. આમ જોઈએ તો કોઈ પતિ કે પત્ની છૂટાછેડા લેવા માટે અદાલતમાં અરજી દાખલ કરે એ કઈ બહુ મોટી ઘટના કે સમાચારપત્રના સમાચાર ના કહેવાય કારણ કે છૂટાછેડા લેવા માટેની હજારો અરજીઓ રોજ અદાલતમાં દાખલ થતી હોય છે અને એવી જ હજારો અરજીઓનો નિકાલ પણ થતો હોય છે. એમ આ ઘટના તો સામાન્ય હતી પણ સમાચાર પત્રો માટે એ ઘટના અસામાન્ય એટલા માટે બની ગઈ કે છૂટાછેડા લેવા માટે પત્નીએ અદાલતને જે કારણ દર્શાવ્યું હતું એ કારણ અસામાન્ય હતું. એટલે જ કદાચ એ ઘટના મોટા સમાચાર બની ગઈ.

પ્રાણીમાત્ર અને મનુષ્યમાત્ર જન્મજાત સ્વભાવે પ્રેમ ભૂખ્યા છે. કોઈપણ વ્યક્તિ પાસેથી પ્રેમનો અણસાર મળે તો પણ માણસ તેના પ્રત્યે આકર્ષાય છે અને તેના ઉપર વારીવારી જઈ તેનો પ્રેમ પામવા માટે તલસાટ અનુભવે છે. એ પણ હકીકત છે કે પ્રેમ અને સ્નેહ દરેક વ્યક્તિના નસીબમાં નથી હોતા. આમ છતાં એવું કહી શકાય કે પ્રેમ અને સ્નેહ માનવીય સંબંધોની નીંવ છે. પ્રેમ અને સ્નેહના પાયા ઉપર જ આ સમાજની ઈમારત ટકી રહી છે.

અનેક પ્રકારના માનવીય સંબંધોમાં પતિ-પત્નીના સંબંધો કંઈક અનોખા, કંઈક જુદા અને કંઈક અદકેરા હોય છે. આમ તો કોઈપણ પ્રકારના સંબંધોની વ્યાખ્યા કરવી અશક્ય છે પણ પતિ-પત્નીના સંબંધો એ બધા જ સંબંધોથી પર છે. સ્ત્રી જ્યારે પરણીને સાસરિયામાં પગ મૂકે છે ત્યારે એવી અપેક્ષા લઈને આવતી હોય છે કે પોતાના સાસરીયાનાં દરેક સભ્યો તેને સતત સ્નેહ અને પ્રેમ આપતા રહે. સ્ત્રી એવી પણ અપેક્ષા લઈને આવતી હોય છે કે સાસરિયાનાં બધા જ સભ્યો પાસેથી સ્નેહ અને પ્રેમ ના મળે તો પણ પોતાના પતિ તરફથી તો તેને પૂરતો પ્રેમ મળી જ રહે. પત્નીની એક્સની જેમ જ સામા પક્ષે પતિની પણ એવી જ અપેક્ષા હોય છે કે પોતાની પત્ની તરફથી પ્રેમની ધારાઓ અવિરત વહેતી રહે. આમ બન્નેની પરસ્પર એવી અપેક્ષાઓ હોય છે કે બન્ને એકબીજા ઉપર પ્રેમ અને સ્નેહની વર્ષા કરતાં રહે અને તેમાં સતત ભીંજાતા રહે.

શું પ્રેમ એટલે માત્ર ચાહવું જ ? શું પ્રેમ એટલે માત્ર સ્નેહીજનની 'હા'માં હા અને 'ના'માં પૂર્યા કરવી એ જ? શું સ્નેહીજનના દરેક પ્રકારના ગમા અને અણગમામાં સંમતીનો સૂર પુરવવો એટલે જ પ્રેમ? શું યોગ્ય કે અયોગ્યની ખાતરી વિના સ્નેહીજનની વાતને હંમેશા યોગ્ય જ ઠેરવવી એ જ પ્રેમ ? શું પ્રેમ એટલે સ્નેહીજનને પ્રત્યેક ક્ષણે માન, સન્માન અને આદરભાવ આપવો એ જ પ્રેમ? સ્નેહીજન સાથે કાયમ માટે 'બુચ્ચા'' જ રાખીને સંબંધો જાળવી રાખવા એનું નામ જ પ્રેમ? હંમેશા સ્નેહીજનની લગોલગ અને અડોઅડ જ રહ્યા કરવું એનું નામ જ પ્રેમ? કાયમ માટે સ્નેહીજનના કહ્યાગરા કંથ બનીને રહેવું એ જ પ્રેમની સાચી અભિવ્યક્તિ? સ્નેહીજનની બધી જ વાતોમાં માથું ધુણાવીને તેની વાતમાં સૂર પૂરાવવો એ જ સંબંધોની સંવાદીતતા અને પ્રેમ? સ્નેહીજનનો કોઈ જ પ્રકારનો વિરોધ કર્યા વિના તેની બધી જ મજાક અને મશ્કરી સહન કરી લેવી એ જ પ્રેમ? સ્નેહીજન પાસે હંમેશા આપણી બોલતી બંધ રાખવી એટલે જ પ્રેમ? સ્નેહીજન આપણી સાથે ગમે ત્યારે, ગમે એવું અને એ પણ આપણને ન ગમતું વર્તન કરે તો પણ આપણે ચિડાવું નહીં, ખીજાવું નહીં કે ગુસ્સો ના કરવો એ જ પ્રેમ? શું આપણાં મનના શાંત સરોવરમાં સ્નેહીજન ગમે એટલા પથરા કે કાંકરા ફેંકે તો પણ એક પણ વમળ ઉઠવા ના દેવું એનું નામ જ પ્રેમ? કોઈપણ સંજોગોમાં માત્ર સ્નેહનું જ ઝરણું હંમેશા વહાવ્યા કરવું એનું નામ જ પ્રેમ ?

આ પ્રકારનો પ્રેમ એ કદાચ એક પરિકલ્પના જ છે, ઝાંઝવાના નીર સમાન જ છે, બે સ્નેહીઓ વચ્ચે ક્યારેક ને ક્યારેક તો 'હા'માં ના અને 'ના'માં હા થતી રહેતી હોય છે, ગમા અને અણગમામાં અસંમતીનો સૂર પૂરાતો રહેતો હોય છે, યોગ્ય કે અયોગ્યની ખાતરી કરીને જ સ્નેહીજનની વાતને યોગ્ય કે અયોગ્ય ઠેરવાતી હોય છે, સ્નેહીજનને પ્રત્યેક ક્ષણે માન-સન્માન અને આદરભાવ જ આપવો શક્ય નથી હોતું. સ્નેહીજન સાથે ક્યારેક 'કિટ્ટા પણ થતી હોય છે, સ્નેહીજનથી જાણીજોઈને ક્યારેક કે વારંવાર દૂરી પણ રખાતી હોય છે, દરેક પરિસ્થિતિમાં વ્યક્તિ સ્નેહીજનની મજાક અને મશ્કરી સહન કરી શકતી નથી, સ્નેહીજન અણગમતું વર્તન કરે ત્યારે વ્યક્તિ તુરત જ ચિડાઈ કે ખીજાઈ કે ગુસ્સો વ્યક્ત કરી લેતી હોય છે. કદાચ સાચા સંબંધોની આ જ વાસ્તવિક્તા છે, સંબંધોની સાચી ઓળખ આ જ છે.

સમાચાર પત્રોમાં પ્રકાશિત થયેલી પેલી ઘટના અસમાન્ય એટલા માટે હતી કે છૂટાછેડા લેવા માટે પત્નીએ અદાલતને કારણ દર્શાવ્યું એમાં એવું કહ્યું કે પોતાનો પતિ પોતાને અતિશય પ્રેમ કરે છે, તેને તો એક અને માત્ર એક પ્રેમની જ ભાષા આવડે છે. પત્નીએ એવું પણ કહ્યું કે 'હું એવી અપેક્ષા લઈને પરણી હતી કે મારો પતિ ભલે મને છાતી ફાડીને પ્રેમ કરે પણ સાથે સાથે મારી સાથે ક્યારેક ઝઘડો પણ કરે. તે મારી વાતોમાં ભલે સંમતિનો સૂર પુરાવે પણ સાથે સાથે ક્યારેક મારી સામે દલીલો પણ કરે. મને એવી પણ અપેક્ષા હતી કે મારો પતિ ક્યારેક મારી સાથે જીદ્દ કરે, ક્યારેક મારાથી રીસાઈ પણ જાય, ક્યારેક મારી સાથે અબોલા રાખે અને ક્યારેક મારાથી દૂરી પણ રાખે''. પત્નીએ કારણમાં એવું પણ જણાવ્યુ કે પોતાનો પતિ અતિશય પ્રેમ કરે છે તેને કારણે તેને ગૂંગળામણ થાય છે અને આ જ પરિસ્થિતિમાં તે પોતાના પતિ સાથે વધારે સમય રહી શકે એમ નથી તેથી પોતાને છૂટાછેડા મળવા જોઈએ.

દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું અને અંગત વિશ્વ હોય છે જેમાં પોતાના સિવાય કોઈપણ વ્યક્તિનો પ્રવેશ નિષેધ હોય છે. અંગત અને અંતરંગ સંબંધોમાં પણ દરેકને વ્યક્તિગત અવકાશની જરૂરિયાત હોય છે. આપણે આપણાં પ્રિયજનને અનહદ, અસ્ખલિત, અનર્ગલ, અતૂટ અને અખૂટ પ્રેમ કરીએ છીએ ત્યારે જાણે અજાણે આપણે તેના વ્યક્તિગત જીવનનો જરૂરી અવકાશ છીનવી લેતા હોઈએ છીએ. પ્રિયજનને પોતાના પ્રિય પાસેથી પ્રેમ ના મળે તો તેની વેદના તો થાય છે પણ વધુ પડતો પ્રેમ, પ્રેમ અને માત્ર પ્રેમ જ મળ્યા કરે તો તેની વેદના પણ કઈક જૂદી, ના સમજાય એવી હોય છે અને અસહ્ય હોય છે. બે પ્રિયજનોની બધા જ પ્રકારની જરૂરિયાતો એકબીજા દ્વારા પરિપૂર્ણ થઈ જતી હોય છે ત્યારે એ સંબંધોમાં એક પ્રકારની ઉદાસીનતા પણ આવી જતી હોય છે. એ ઉદાસીનતા ક્યારેક નિરાશા ફેરવાઈ જતી હોય છે આ પરિસ્થિતી જો લાંબો સમય ચાલુ રહે તો બંને અથવા તો બેમાથી એક પ્રિયજન ગૂંગળામણ અનુભવે છે. એ વ્યક્તિ માનસિક તાણનો ભોગ પણ બની જતી હોય છે અને પરિણામે એ સંબંધોનો અંત આવી જતો હોય છે.

આપણે આપણાં પ્રિયજનને પ્રેમ કરીએ, મન મૂકીને પ્રેમ કરીએ, પણ સાથે સાથે તેમને જીવવા માટે અવકાશ પણ આપીએ, તેમની રીતે જીવવાનો, એકાંતમાં જીવવાનો, એકલા જીવવાનો.

ભ્રષ્ટાચારના મામલે ગુજરાત ભારતમાં ત્રીજા સ્થાને!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

હાલમાં પૂરા દેશમાં વરુણ દેવની એકધારી અવિરત કૃપા વરસી રહી છે અને ગુજરાતમાં સો ટકાથી વધુ વરસાદ નોંધાયો છે, આનો મતલબ એ થયો કે આગામી સમયમાં પેયજળ અને સિંચાઈ માટે બહુ મુશ્કલીઓ પડશે નહીં. બીજું કૃષિ સુખી તો અન્ય પ્રવૃત્તિઓ પણ સંતોષકારક થઈ શકશે કારણ કે હજુ આપણે ખેતીપ્રધાન રાષ્ટ્ર છીએ! કૃષિમાં આપણે હજી એટલા પ્રોફેશનલ થઈ શક્યા નથી. ભારતીય સમાજ સદાય કૃષિ અને તેની આનુષંગિક પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે જોડાયેલો રહ્યો છે. આખુ વિશ્વ બદલાઈ રહ્યું છે સિઝન પણ બદલાઈ રહી છે પરંતુ આપણો સમાજ હજી પરિવર્તનના માર્ગે ઝડપી થયો નથી એ કડવી હકીકત છે. આપણી માન્યતાઓ હજી એટલી જ દૃઢ છે વૈચારિક બદલાવ ઢીલો ઢીલો ઉપરાંત સ્વાર્થી દેખાય છે. નીતિ આયોગનો ૨૦૧૮નો રિપોર્ટ જે હાલમાં બહાર પડ્યો એ મુજબ વિગતો જાણી આઘાત થયો. ભારતમાં હજી ભ્રષ્ટાચારનો ભોરિંગ મર્યો નથી મતલબ કે આપણે સદાચાર ને હૈયે બેસાડી શક્યા નથી. ભારતમાં ભ્રષ્ટાચાર મામલે પ્રથમ રાજય તામિલનાડુ રહ્યું, ઓરિસ્સા બીજા ક્રમે અને ત્રીજા નંબરે ગુજરાતનું નામ છે. ગુજરાત ગૌરવવંતુ, ગતિશીલ, ગાંધી બાપુનું છતાં આપણા રાજયમાં ભ્રષ્ટાચાર પુષ્કળ અને વ્યાપક પણે છે અને આ ચિંતાનો મુદ્દો છે. ભ્રષ્ટાચારને બધા જોડે ગાઢ સંબંધ છે અને બધા ખાનગીમાં તેના ચાહક છે!

જાહેરમાં ધિક્કારી શકાય અને અંગત રીતે ચાહી શકાય તેવો વિષય હોય તો એ ભારતીય ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટ આચારનો અર્થ જ સ્વયં પ્રગટ છે કે જે સ્વીકાર્ય નથી છતાં સ્વીકૃતિ પામે અને તેના કારણે જ આર્થિક અન્યાયની પ્રક્રિયાનું સર્જન થાય છે અથવા સમાનતાની વાતોનું હનન થઈ જાય છે. માત્ર વિચાર અશુદ્ધ થતા એ અંતે વિહાર અને કૃતિને બગાડે છે!

કેન્દ્રમાં ૨૦૧૪થી શાસન કર્તા સરકાર બદલાઈ ત્યારની માનનીય વડાપ્રધાન છાતી ઠોકીને કહે છે કે ખાતો નથી અને ખાવા દેતો નથી અર્થાત્ આ ભ્રષ્ટ્રાચાર મંજૂર હવે નથી છતાં દેશ અતિ વિશાળ છે. વધુ જનસંખ્યા છે અને પુષ્કળ વૈવિધ્ય છે. એટલે પ્રત્યેક ભારતીય સુધરે નહીં ત્યાં સુધી વાસ્તવિક સ્થિતિ બદલાઈ તે વાતમાં કોઈ દમ નથી. સૌથી પ્રથમ જીવનમાં જે લાલચ-લોભ અને દેખાદેખી ચોંટી ગયા છે તેને જડમુળથી ઉખાડી ફેંકવા જ પડે. બીજું હરામની કમાણી પરત્વે નફરતની દૃષ્ટિ અને લાગણી થવા જોઈએ કેમ કે આવી કમાણી દુ:ખ જ આપે છે અએ સત્ય સમજવું જોઈએ. ત્રીજું ભ્રષ્ટાચારના કારણે જાણે-અજાણ્યે આપણે અન્યાય કરી રહ્યા છીએ એ લોકો એ સમજવું પડશે. નીતિ નિયમોને નજર અંદાજ જાણી જોઈએન કરવા એ પણ ભ્રષ્ટાચાર છે. પરધન અને પરસ્ત્રી ઉપર કૃદષ્ટિ કરવી એ કંઈ સદાચાર નથી જ !! હવે ભ્રષ્ટાચારમાં ગુજરાત ત્રીજા નંબરે છે તો જાગૃત થઈશું? ઘણા વિભાગો વર્ષોથી કૃખ્યાત છે ત્યાં ભ્રષ્ટાચાર વિના કામ થતું જ નથી. માટે સરકારે પારદર્શિતા દ્વારા કડક મોનિટરીંગ કરવું જરૂરી છે. ડિજિટલ પ્લેટફોર્મ માત્ર ટેક્સ કે વેરા વસૂલ કરવાના હથિયાર તરીકે જ ના વપરાય પરંતુ ભ્રષ્ટ કાર્ય કરનાર ઉપર કડક કાર્યવાહી અમુકપણે થવી જોઈએ. ભ્રષ્ટાચાર મુક્ત ભારતને જોવા માટે જ પ્રજા એ જનાદેશ બદલ્યો છે એ યાદ રાખવું જ પડશે. કાગળો ઉપરના કામો હકીકત સાથે સરખાવીને ચેકિંગ કરવું એ જ જનહિતનું પ્રથમ પગથિયું છે. પ્રજા હવે થાકી ગઈ છે તે ઝંખે છે રામરાજયની ઝલક, જીવન આનંદ અને જીવનની સુખાકારી પણ મળી રહ્યું છે તેનાથી જુદું એટલે સર્વત્ર અજંપો અને રોષ વ્યાપક થયા છે ! ફિક્સ વેતનવાળા લોકો ઝડપથી આ માર્ગે લપસી જાય છે. જમીન-મહેસુલ, શિક્ષણ, આરોગ્ય, આંતરિક સુરક્ષા જેવા વિભાગોમાં જબર પ્રમાણમાં ચાલતી પ્રવૃત્તિઓને તપાસવી પડે કારણ કે ત્યાં સ્થિતિ ઉમદા નથી.

સમરથ કોના દોષ ગોંસાઈ - જેવી હાલતથી તો લોકો અંતે વિદ્રોહ ઉપર આવી જાય છે. આટલી ઊંચી શિક્ષણ ફી - ખર્ચા બાદ પણ ટ્યુશનથી જ ભણતર જો મેળવવાનું હોય તો આપણી બધી વાતો દંભ જ લાગે એ બહુ સહજ છે. ડિજિટલ ઢાંચો બનાવ્યા પછી પણ કાગળોથી જ વહીવટ થયા કરશે તો પ્રજા અંતે ખુબ જ મૂંઝવણ અનુભવતી રહેશે. રૂશવતખોરો ઉપર સરકારની એ સપ્તાઈથી તૂટી પડવું એ આજની માંગ છે! સરકારી તંત્રની નિંભરતા, પ્રમાદ, વિલંબ વગેરેના મૂળમાં કોઈને કોઈ સ્વરુપમાં ભ્રષ્ટાચાર ધીમે ધીમે વિકસતો રહે છે. ભય ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતના સૂત્રમાં લોકોએ વિશ્વાસ કર્યો છતાં હજી ભ્રષ્ટાચાર જીવે છે એ ભણે કે ભસ્માસૂર રાક્ષસ થઈ ગયો છે. લોકશાહીમાં પ્રજાને સરકાર પાસેથી ઘણી બધી અપેક્ષાઓ હોય છે જે અંતે સૌના વિકાસને મંજીલ સુધી લઈ જાય અને એટલે જ સૌનો વિશ્વાસ પ્રશાસમાં ટકી રહે. ધર્મસભાઓ, કથાઓ, કાર્યક્રમોમાં લાખોની મેદની ઉમટે છે તો લાગે ચે કે બધા હવે સજ્જનોની શ્રેણીમાં આવી ગયા છે પરંતુ આવું હોતું નથી. સત્ય કડવું હોય અને સદાચાર કઠીન હોય છતાં એ જીવનપોષક છે તે યાદ રાખવું પડશે. ઘણા લોકો એટલા હતાશ છે કે તેઓ હવે કર્મ-ધર્મ - ઈશ્વર વગેરેમાંથી શ્રદ્ધા ગુમાવી રહ્યા છે! સમાજ પ્રતિદિન, વ્યસની, નશિલો, નફ્ફટ થઈ રહ્યો તેના મૂળમાં વિવિધ અન્યાય અને ભ્રષ્ટાચાર જ છે. ચારિત્ર્ય વિષય જ ભૂલાતો જાય છે અને આપણે બધાએ જાગવું જ પડશે.

શેર આસ્વાદ
ના પૂછ કેમ સુગંધિત હૃદયની માટી છે
ભીની ભીની ઘણી ઈચ્છાઓને ત્યાં દાટી છે